જનસંપર્ક અધીકારી દ્વારા

પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર

ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૯/૪/૨૦૧૫ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૬૮૯/૧૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૦ કેસ કરી ૨૫ વ્યક્તિઓને ઝડપી, ૧૬૩ લીટર દેશી દારૂ અને ૧૧ બોટલ ઇગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૪,૮૨૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૬૯૦/૧૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૨૬ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડ :- સમાચાર યાદી નં.૬૯૧/૧૫

ઘાટલોડીયા : બાબુભાઇ જોઇતારામ પટેલ (ઉ.વ.૬૬)(રહે.વૈભવ બંગ્લોઝ વિભાગ-૧, સનસ્ટેપ ક્લબની પાસે ઘાટલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૭/૪/૧૫ રાતનાં ૧૧/૪૫ થી તા.૮/૪/૧૫ સવારનાં ૭/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના અને ડાયમંડના દાગીના કિંમત રૂપિયા ૧,૮૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એન.બારીયા ચલાવે છે.

સોલા હાઇકોર્ટ : જયંતીભાઇ અંબાલાલ પટેલ (ઉ.વ.૫૦)(રહે.નીલકંઠ બંગ્લોઝ, ગુલાબ ટાવર પાસે, થલતેજ) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૮/૪/૧૫ રાતનાં ૦૦/૩૦ થી સવારનાં ૮/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની પાછળની બારીનાં સળીયા તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાના કબાટનાં ડ્રોઅર તોડી સોનાનો સેટ કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૫,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી.વી.ગોહીલ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૬૯૨/૧૫

નારણપુરાઃ નિમિષાબેન વા/ઓ રાજેન્દ્રકુમાર ભકતીભાઇ પટેલ (રહે એન.આર.પટેલ પાર્ક, વિભાગ-૨, નવાવાડજ) તા.૮/૪/૧૫ રાતના ૮/૨૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ નિમિષાબહેનનના ગાળામાંથી સોનાની પેડલ સાથેની મોહનમાળા કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ નિમિષાબહેન પટેલે નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી ડી.આર.ધમલ ચલાવે છે.

વાહનચોરી :- સમાચાર યાદી નં.૬૯૩/૧૫

રાણીપ : ભરતભાઇ કાળુજી વાઘેલા (રહે.મોટો ભરવાડવાસ, નવાવાડજ) એ તા.૧/૪/૧૫ સવારનાં ૧૧/૧૫ વાગ્યાના સુમારે સુભાષબ્રીજ કલેક્ટર કચેરી સામે એ.એમ.ટી.એસ.બસ સ્ટેન્ડ સામે પોતાની ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.સી.ટી.૧૪૯૦ કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી ૧૫ મીનીટમાં થઇ હતી. આ અંગેની ફરીયાદ ભરતભાઇ વાઘેલાએ તા.૮/૪/૧૫ નારોજ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો.શ્રી વિરેન્દ્ર ગોકરણનાથ ચલાવે છે.

ગેલેરીમાંથી નીચે પડી જતાં મૃત્યુ : સમાચાર યાદી નં.૬૯૪/૧૫

ગુજરાત યુનિવર્સીટી : અલ્કેશભાઇ કનુભાઇ પટેલ (ઉ.વ.૪૭)(રહે.સુમય એપાર્ટમેન્ટ, ગોપાલનગર, મેમનગર) તા.૮/૪/૧૫ રાતનાં કલાક ૨/૦૦ થી ૬/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનની ગેલેરીમાં આવેલ લોખંડની એંગલ સાથે પડદો બાંધી નીચે ઉતરવાની કોશીષ કરતાં હતા દરમ્યાન નીચે પડી જતાં તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.એન.પરમાર ચલાવે છે.

આત્મહત્યા : સમાચાર યાદી નં.૬૯૫/૧૫

ગાયકવાડ હવેલી : અજમીના મોહંમદનૌશાદ શેખ (ઉ.વ.૩૦)(રહે.જમાલપુર ખાંડની શેરી, દેવડીવાલા ફ્લેટ) એ માનસિક બિમારીને કારણે તા.૮/૪/૧૫ સવારનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાનાં હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.ગોજીયા ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)